# મૌજમાં રહેવું રે...

* મૌજમાં રહેવું... મૌજમાં રહેવું... મૌજમાં રહેવું રે...

પાંચ વાતુંને નિત સંભારીને... (૨) મસ્ત રહેવું રે... (૨)

મૌજમાં રહી અલમસ્ત રહેવું... કેફમાં રહેવું રે... (૨)

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ રટતા રહેવું રે...

મૌજમાં રહેવું... મૌજમાં રહેવું... મૌજમાં રહેવું રે...

* નિત નવલાં મંગલ પર્‌ભાતે જાતને કહેવું રે... (૨)

અક્ષર આતમ મૂળ રૂપ તારું... (૨) દેહ તો ખોળિયું રે...

મૌજમાં રહેવું... મૌજમાં રહેવું... મૌજમાં રહેવું રે...

* સ્વામિનારાયણ સર્વોપરી સદા સાકાર મમ હિતકારી... (૨)

સાધુરૂપે પ્રતિ-અક્ષ બિરાજે... સાહેબજીમાં હજૂર-હાજર મળ્યા છે... તો ફિકર ફાકું રે...

મૌજમાં રહેવું... મૌજમાં રહેવું... મૌજમાં રહેવું રે...

* જીવને પ્રીતિએ જોડી સાધુના વચને જીવવું રે... (૨)

ધૂન નિર્‌દોષબુદ્ધિએ સેવામાં... સુહૃદભાવે ભક્તોની ભક્તિમાં... જીવતર ઘોળવું રે...

મૌજમાં રહી અલમસ્ત રહેવું... કેફમાં રહેવું રે...

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ રટતા રહેવું રે...

સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...સ્વામિનારાયણ બોલ...(૫)